# દેશમાં મલ્ટિકેપ મ્યુચ્યુઅલ ફંડનો વધી રહેલો વ્યાપ

બિઝનેસ રિપોર્ટર | સુરત

નોટબંધી બાદ જ્યારે કેપીટલ માર્કેટ ડાઉન થયું છે ત્યારે મ્યુચ્યુઅલફંડમાં રોકાણની ઘણી તકો રહેલી છે.

પરાગ પરીખ ફાઇનાન્શિયલ એડવાઇઝરી સર્વિસીઝના ચીફ ઉન્વેસ્ટમેન્ટ ઓફિસર રાજીવ ઠક્કર સાથે થયેલી વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે, હાલ ગુજરાતમાં નોટબંધી પછી લોન્ગ ટર્મ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટની આશાઓ સેવાઇ રહી હતી જોકે લોકો પરંપરાગત રોકાણ પધ્ધતિ તરફથી ઈક્વિટી માર્કેટ તરફ વળ્યા છે ત્યારે અમે મલ્ટીકેપ ઈનવેસ્ટમેન્ટ યોજના રજુ કરી રહ્યા છે. જે થકી રોકાણના અલગ-અલગ ક્ષેત્રો જેવા કે ટેકનોલોજી, ઈન્ફ્રા, રીઅલ એસ્ટેટ વગેરેમાં 65 ટકા ભારતીય ઈક્વિટી અને 35 ટકા ફોરેન ઈકિવીટીમાં રોકાણ કરીને સારુ વળતર આપીશું.

# PPFAS દ્વારા પરાગ પરીખ લોંગ ટર્મ વલ્યુ ફંડ યોજના

સુરત, તા.૨૪

પરાગ પરીખ ફાઈનાન્શિયલ એડવાઈઝરી સર્વિસીસ પ્રા. લિ. દ્વારા ગુજરાતમાં તેના નેટવર્કનું મૂળ વધારવા માટે પીપીએફએએસ મ્યુચ્યુઅલ ફંડ આઈએફ માટે આયોજન કરવામાં આવ્યું છે. વિતરકોના સંગઠનો અને અન્ય વાહિનીઓ સાથે એકધારા સહયોગ મારફતે આ આયોજનને આકાર આપવામાં આવ્યો છે. જેમાં રોકાણ અને ઉત્તમ વળતર માટેની એકમાત્ર સુંદર યોજનાની ઓફર કરવામાં આવી છે.

આ અંગે પીપીએફએએસ મ્યુચ્યુઅલ ફંડના ચીફ ઈન્વેસ્ટમેન્ટ ઓફિસર અને ડાયરેક્ટર રાજીવ ઠક્કરે જણાવ્યું હતું કે તેઓ મ્યુચ્યુઅલ ફંડ વેલ્યુ ઈન્વેસ્ટિંગ સ્કુલમાં વિશ્વાસ રાખે છે અને તેની ખૂબીઓ રોકાણ પ્રક્રિયા અને પોર્ટફોલિયોની પસંદગીમાં પ્રતિબિંબિત થાય છે.

# पीपीएफएएस म्युच्युअल फंड गुजरात के अपने नेटवर्क का विस्तार करेगा



सूरत। पराग परीख फाइनान्शियल एडवाइजरी सर्विसिस प्रा.लि. द्वारा प्रायोजित पीपीएफएएस म्युच्युअल फंड आईएफए, वितरकों के संगठनों व अन्य वाहिनियों के साथ एक समान सहयोग द्वारा गुजरात में अपने नेटवर्क को मूल बढ़ायेगा। फिलहाल गुजरात 31 जनवरी, 2017 को कुल एयुएम के पांच प्रतिशत फंड के योगदान के लिए चौथा सबसे विशाल बाजार है। यह वर्तमान वित्तीय एसआईपी मार्ग में ग्राहकों की संख्या दुगना करने की धारणा रखता है। पीपीएफ म्युच्युअल फंड के चीफ इन्वेस्टमेंट ऑफिसर और डायरेक्टर राजीव ठक्कर ने कहा कि गुजरात समीप के भविष्य में पीपीएफएएस म्युच्युअल फंड के लिए प्रमुख तीन बाजार में से एक है। हमें हमारी सर्व चैनल भागीदारों के पास से उत्तम मदद मिल रही है और यह समर्थन चालू रहने की आशा है। गुजरात में निवेशक मूल व्यापार समझते हैं और हमारी मूल्य निवेश फिलोसफी के साथ संमत है।

# મુંબઈની પરાગ પરીખ ફાઈનાન્સિયલ કંપની હવે સુરતમાં સેવા શરૂ કરશે



સુરત, તા.૨૧

મુંબઈની પરાગ પરીખ ફાઈનાન્સિયલ કંપની દ્વારા ગુજરાતમાં મ્યુચ્યુલ ફંડ આઈએફએ સહિત અન્ય વિવિધ વિત્રકોની સેવા હવે ગુજરાતમાં શરૂ કરી રહી છે.

આ બાબતે પત્રકાર પરિષદમાં પીપીએફઓએસ મ્યુચ્યુલ ફંડના ચીફ ઈન્વેસ્ટમેન્ટ ઓફિસર અને ડાયરેક્ટર રાજીવ ઠક્કરે જણાવ્યું હતું કે, નજીકના ભવિષ્યમાં મ્યુચ્યુઅલ ફંડ એ ટોચના ત્રણ બજારમાંથી એક છે. અમને સર્વ ચેનલ ભાગીદારો પાસેથી ઉત્તમ મદદ મળી રહી છે અને આ ટેકો ચાલુ રહેશે એવી અમને આશા છે. ગુજરાતના રોકાણકારો મૂળ વેપારને સમજે છે. અને અમારી મુલ્ય રોકાણ ફિલસુફી સાથે સુમેળ સાધે છે. આ મ્યુચ્યુઅલ ફંડ વેલ્યુ ઈન્વેસ્ટિંગ સ્કુલમાં વિશ્વાસ રાખે છે અને તેની ખુબીઓ રોકાણ પ્રક્રિયા અને પોર્ટફોલિયોની પસંદગીમાં પ્રતિબંધિત થાય છે. તેને સરળ અને આસાન રાખવા માટે અગ્રતાની રેખામાં તે પરાગ પરીખ લોંગ ટર્મ વલ્યુ ફંડ નામે ફક્ત એક યોજના ઓફર કરે છે. જે દેશની ઈક્વિટીમાં લઘુતમ ૬૫ ટકાનું અને દરિયાપારની ઈક્વિટીઓ અને વરણાંગણાની ડેબ્ટ અને નાણા બજાર સિક્યુરિટીઝમાં ૩૫ ટકા સુધી રોકાણ કરવાની સાનુકુળતા સાથેની ઓપન એન્ડેડ ઈક્વિટી અભિમુખ યોજના છે.

# પીપીએફએએસ મ્યુચ્યુઅલ ફંડ ગુજરાતના નેટવર્કનું વિસ્તરણ કરશે

સુરત, મંગળવાર

પીપીએફએએસ મ્યુચ્યુઅલ ફંડ ગુજરાતના નેટવર્કનું વિસ્તરણ કરશે. વિતરકોના સંગઠનો અને અન્ય વાહિનીઓ સાથે એકધાર્યા સહયોગ મારફત આ વિસ્તરણ થશે એમ ચીફ ઈન્વેસ્ટમેન્ટ ઓફિસર અને ડાયરેક્ટર રાજીવ ઠક્કરે પત્રકારો સાથેની વાતચિતમાં જણાવ્યું હતું. ગુજરાતમાં રોકાણકાર મૂળ વેપારને સમજે છે અને અમારી મૂલ્ય રોકાણ ફિલસૂફી સાથે સુમેળ સાધે છે. પીપીએફએએસ એએમસીની ઓડિટેડ નેટવર્થ ૩૦ નવેમ્બ, ૨૦૧૬ના રોજ ૫૧.૫૩ કરોડ છે.